



# બાલોત્સવનું ગ્રાન્ડ રીહર્સલ

ગાંધીનગરના સમર કેમ્પમાં જાણીતું નામ એટલે કલરવ બાલ શિબિર અને આ શિબિરના અંતે બાળકોનું પરફોર્મન્સ એટલે બાલોત્સવ. રવિવારે ટાઉનહોલ ખાતે સવારે યોજાનાર બાલોત્સવ ૨૦૧૭નું શિબિરાર્થીઓએ સઘન ગ્રાન્ડ રિહર્સલ કર્યું હતું. શિબિરમાં તજજ્ઞો દ્વારા તાલીમ મેળવી શિબિરાર્થી બાળકો નૃત્ય, નાટક અને સંગીતક્ષેત્રે વિવિધ કૃતિઓ રજૂ કરશે.

# ટાકાટૂંકા ગામે 'નિર્ભયા કાંડ'ની માનસિકતા સાથેના હુમલા સામે ઉગ્ર રજુઆત

ગાંધીનગર, તા.૧૩

ટાકાટૂંકા ગામે 'નિર્ભયા કાંડ'ની માનસિકતા સાથેનો જીવલેણ હુમલો થવા પામેલ છે. જે અંગે શ્રી ડુંગરી ગરાસિયા સેવા સમાજ ટ્રસ્ટ ગાંધીનગરના પ્રમુખશ્રી ડૉ. કે.એન. બામણીયાએ ગૃહમંત્રી, પોલિસ મહાનિર્દેશક, કલેકટર, ડીઆઈજીપી એસ.ટી. સેલ વગેરેને આવેદનપત્ર આપીને આક્રોશ સાથે ઉગ્ર રજુઆત કરેલ છે.

તા. ૭મી મેના રોજ ભિલોડા તાલુકાના ટાકાટૂંકા ગામે આદિવાસી સમાજનો રામપુરી ગામના પરિવાર પર જીવલેણ હુમલો થયેલ છે જે માટે નરાધમો, હુમલાખોર સામે સખ્ત કાર્યવાહી કરવા જણાવાયું છે.

રામપુરી ગામનો પરિવાર અશોકભાઈ બહેચરભાઈ અસારીની ગાડીને બાજુએ લેવડાવી તેઓને, તેમની પત્નીને, પુત્રીને અને પુત્રને નીચે ઉતારીને રસ્તા ઉપર દોડાવી દોડાવીને સખત માર મારી આતંક ફેલાવેલ છે. ગુનાહિત માનસિકતા ધરાવતા નબીરાઓ દ્વારા આ જધન્યકૃત્ય આચરવામાં આવ્યું છે જેનો સખ્ત વિરોધ વ્યકત કરવામાં આવ્યો છે.

અશોકભાઈની યુવાન દીકરી હેતલ સાથે 'નિર્ભયા કાંડ' જેવા ઈરાદાથી અપહરણ કરવાનો નિષ્ફળ પ્રયાસ કરેલ હતો. આદિવાસી યુવતીનું શિયળ લુંટતું બચી ગયેલ હતું. આ યુવતીને તથા તેની માતાને છેડછાડથી બચાવી શકેલ નહોતા જે સમગ્ર સમાજ માટે આઘાતરૂપ ઘટના છે. અસ્પૃશ્યતા ધારાની ૧૯૮૯ની કલમો હેઠળ કાર્યવાહી કરવા માટે સમાજે માંગણી કરેલ છે. નિષ્ફળ પોલિસ તપાસ કરી ગુનેગારો સામે કડક કાર્યવાહી હાથ ધરવામાં આવે તેવી માંગણી કરવામાં આવી છે.




## શહેરમાં નારદ જયંતિ ઉજવાઈ

ગાંધીનગરના રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના પ્રચાર વિભાગ દ્વારા આજે સે. ૨૩માં કાર્યાલય ખાતે દેવર્ષિ નારદ જયંતિ નિમિત્તે એક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનારમાં શહેરના પત્રકારોને આદ્ય પત્રકાર નારદમુનિના કાર્યથી વાકેફ કરી પત્રકારત્વ ક્ષેત્રે તેમના આદર્શ-મૂલ્યોના મહત્વને સમજાવવામાં આવ્યું હતું.

# ચિલોડા-દહેગામ માર્ગ પર ખાનગી વાહનોમાં જીવના જોખમે આજીવિકા રળવા મજૂર વર્ગનું આગમન

ચિલોડા, તા. ૧૩

જિલ્લામાંથી પસાર થતાં મુખ્ય માર્ગો ઉપરથી પસાર થતાં ખાનગી વાહનોમાં લગ્ન તથા ઉનાળુ બાજરી, કરી ઘેંટા બકરાંની જેમ મુસાફરોને ઠાંસી ઠાંસીને પેસેન્જરો ભરી રોકડી કરવાની લ્હાયમાં જીવના સાટે દોડી રહ્યા છે. હાલમાં કાળઝાળ ગરમીમાં વિસ્તારમાં આગમન થઈ રહ્યું છે. પંચમહાલ, સાઠંબા, બાયડ વાયા દહેગામ થઈને ચિલોડા પંથકમાં મજૂરવર્ગ આકર્ષાયા છે. આમ



જુવાર કાપણીના કારણે દૂરદૂરથી લોકો આજીવિકા મેળવવા ખાનગી વાહનોના છાપરા પર બેસીને જોખમી મુસાફરી કરી અવરજવર કરવા મજબુર બન્યા છે. ખાનગી વાહનચાલકો કાયદાની ઐસી તૈસી પંચમહાલ જિલ્લામાં રોજગારીના અભાવે ગાંધીનગર જિલ્લામાં બાજરી જુવારની કાપણીની સિઝન હોવાથી મજૂરવર્ગ ખાનગી વાહનોના છાપરે બેસી જરૂરિયાત પ્રમાણે ઘરવખરી લઈ પરિવાર સહિત ચિલોડા ગાંધીનગર જિલ્લામાં રહેઠાણ મકાનો, સરકારી કામો, રસ્તાઓ, ખેતી ક્ષેત્ર રોજગારીનું માધ્યમ અર્થે પછાત વિસ્તારમાં હાલ કોઈ રોજગારીનો વિકલ્પ ન હોવાથી પરિવારોનુ આજીવિકા અર્થે આગમન થઈ રહ્યું છે.

# અમદાવાદમાં ગાજવીજ સાથે વરસાદની આગાહી

અમદાવાદ, તા.૧૩

અમદાવાદ સહિત રાજ્યભરમાં કાળઝાળ ગરમીનું મોજુ આજે પણ અકબંધ રહ્યું હતું. શુક્રવારની સરખામણીમાં પારો આજે વધુ વધી ગયો હતો અને મહત્તમ તાપમાન ૪૩.૯ સુધી પહોંચ્યું હતું. જોકે સુરેન્દ્રનગરમાં પારો ૪૩.૭ સુધી પહોંચ્યો હતો. હવામાન વિભાગ તરફથી હિટવેવની કોઈ ચેતવણી જારી કરાઈ નથી પરંતુ હવામાન વિભાગ તરફથી જણાવવામાં આવ્યું છે કે અમદાવાદ શહેરમાં ગાજવીજ સાથે વરસાદી ઝાપટા પડી શકે છે.

રાજયમાં અન્ય કેટલાક ભાગોમાં પણ ગાજવીજ સાથે આગામી બે દિવસ દરમ્યાન વરસાદી ઝાપટા પડી શકે છે. દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્ર, દીવ અને દમણમાં વરસાદી ઝાપટા પડવાની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. આજે સૌથી વધુ મહત્તમ તાપમાન સુરેન્દ્રનગરમાં રહ્યું હતું. છેલ્લા કેટલાક દિવસથી ગરમીથી કોઈ રાહત મળી રહી નથી. પારો ૪૩થી ઉપર હોવાથી તંત્ર સાવધાન છે.

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




લો આ સરકારો નિયત કરેલી ફી ભરી દો... હવે તમે જ નક્કી કરો અમે અમારી નિયત પહેલાના જેવી રાખી શકીશું કે નહીં ???

# વન નેશન વન ટેક્સને ઐતિહાસિક નિર્ણય ગણાવતા મુખ્યમંત્રી

ગાંધીનગર, તા. ૧૩

'એક દેશ એક ભાવ'ના દેશની પ્રજાના હિતમાં લાવવામાં આવેલ આ કાયદો જનહિતકારી પુરવાર થઈ રહેશે તેમ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ આજે જીએસટી બાર એસોસિએશન દ્વારા આયોજીત એક દિવસીય સેમિનારને દિપ પ્રાગટ્ય કરી ખુલ્લો મુકતા જણાવ્યું હતું. મુખ્યમંત્રીએ જણાવ્યુ હતુ કે, સમગ્ર દેશની સાથે ગુજરાતમાં પણ તા.૧લી જૂલાઈ-૨૦૧૭થી જીએસટી અંગેના આ ઐતિહાસિક નિર્ણયનો અમલ શરૂ કરી દેવામાં આવશે.

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતું કે, દેશના કરમાળખાના સુધારાની દિશામાં એક મહત્વપૂર્ણ એક્ટ સાબિત થશે. તેમણે કહ્યું કે, અલગ અલગ રાજ્યોમાં જુદી-જુદી વસ્તુઓના ટેકા અંગે જે વધઘટ હતી તે અસમાનતા દૂર થશે અને સમગ્ર દેશમાં સમાન કરમાળખુ લાગુ થશે. આ સાથે રાજ્યોના વહીવટને પારદર્શી ઓનલાઈન અને સરળ બનાવવામાં જીએસટીની ભૂમિકા મહત્વની બની રહેશે. જીએસટીથી લોકોને ચીજવસ્તુઓ સસ્તી મળશે, મોંઘવારી પણ ઘટશે અને વેપારીઓ દંડાશે નહીં, અત્યાર સુધી અલગ અલગ રાજ્યોમાં એકસાઈઝ, વેટ સર્વિસ ટેક્ષ અને અન્ય ટેક્ષ અલગ અલગ હતા તેને સ્થાને હવે એક જ કાયદો સમગ્ર દેશમાં અમલી થતા એકસૂત્રતા આવશે.

વિજયભાઈ રૂપાણીએ એમ પણ જણાવ્યું કે, ગુજરાત ગાંધી, અને સરદારનું ગુજરાત છે અહિંસા અને દારૂબંધી એ પૂજ્ય બાપુના બે મૂળ મંત્રોને વરેલાં ગુજરાતે કરોડો રૂપિયાની ટેક્સની આવક જતી કરીને પણ દારૂબંધીને ચુસ્તપણે જાળવી રાખી છે તેમ તેમણે ઉમેર્યુ હતુ.આજે અમદાવાદ ખાતે ગુજરાત સેલ્સ ટેક્સ બાર એસોસિએશન દ્વારા યોજાયેલા એક દિવસીય માર્ગદર્શક સેમિનારના પ્રમુખ ભરત ઠાકોરે સ્વાગત પ્રવચન કરી સૌને આવકાર્યા હતા. સેમિનારમાં ગુજરાત સરકારના સેલ્સટેક્ષ, એક્સાઈઝ, નાણાં વિભાગના પદાધિકારીઓ, વિવિધ કાયદા નિષ્ણાંતો તથા જીએસટીબાર એસોસિએશનના વિવિધ શાખાના પ્રમુખોઅનેસભ્યોઉપસ્થિત રહ્યાંહતા.

# સમાજ માટે તો પાંચ વખત મુખ્યમંત્રીને મળવા તૈયાર : હાર્દિક

ગાંધીનગર, તા.૧૩

પાટીદાર આંદોલન સમિતિના નેતાઓ દ્વારા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ ભરતસિંહ સોલંકી સાથેની મુલાકાતને લઈ રાજકીયક્ષેત્રમાં ભારે ચર્ચા ચાલી છે ત્યારે બીજીબાજુ, પાસના નેતા હાર્દિક પટેલે મુખ્યમંત્રી વિજય રૂપાણીને મળવાની તૈયારી મળ્યા હતા અને પાટીદાર અનામત, પાટીદાર સમાજના શહીદ યુવાનોને ન્યાય અને યોગ્ય વળતર સહિતની માંગણીઓ મુદ્દે રજૂઆત કરી હતી. સોલંકીએ પણ પાટીદાર નેતાઓને યોગ્ય હૈયાધારણ આપી હતી.

છેલ્લા બે વર્ષથી પાટીદાર અનામત આંદોલન સુષુપ્ત અવસ્થામાં



દર્શાવતાં રાજકીય મામલો ફરી એકવાર ગરમાયો છે. હાર્દિક પટેલે જણાવ્યું કે, ભાજપ કે તેના મુખ્યમંત્રીને મળવાથી પાટીદાર સમાજને કંઈક મળતું હોય તો રૂપાણીને પાંચ-પાંચ વાર મળવા અમે તૈયાર છીએ. ગઈકાલે પાટીદાર આંદોલન સમિતના નેતાઓ પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ ભરતસિંહ સોલંકીને જતું રહેતાં પાટીદાર નેતાઓ અને તેમની ભૂમિકાને લઈને પણ અનેક સવાલો ઉઠયા છે ત્યારે પાટીદાર નેતાઓની કોંગ્રેસ નેતા સાથેની મુલાકાત અને હવે ભાજપ નેતાઓ કે રાજયના મુખ્યમંત્રી રૂપાણીને મળવાની હાર્દિક પટેલની વાતને લઈ ફરી એકવાર રાજકીય ક્ષેત્રમાં ગરમાવો આવી ગયો છે.

### ઓરમાયુ વર્તન દાખવી રહેલી સરકાર સામે બાયો ચઢાવી

# બોર્ડ-નિગમના કર્મચારીઓના પડતર પ્રશ્નો ઉકેલવા ગાંધીનગરમાં ધરણાં

રાજયમાં સરકાર હસ્તકના બોર્ડ-નિગમ સહિત સરકારી સાહસોના કર્મચારીઓ દ્વારા આજે ગાંધીનગર સ્થિત સત્યાગ્રહ છાવણી ખાતે તેમની માંગણીઓનાં અનુસંધાને ધરણા કર્યા હતા. આજે ઉપક્રમે, સત્યાગ્રહ છાવણી ખાતે આયોજીત ધરણામાં મહામંડળના પ્રમુખ પ્રવિણભાઈ સુતરીયાએ રાજયના બોર્ડ-નિગમના કર્મચારીઓના છઠ્ઠા પગારપંચના પડતર પ્રશ્નોનો સત્વરે ઉકેલ પ્રથા બંધ કરવા, રહેમરાહે નોકરી, મેડીકલ પોલીસી, ચોથા વર્ગના કર્મચારીઓની નિયમિત ભરતી કરવા તેમજ રાહતદરે પ્લોટ ફાળવવા સહિતના વિવિધ પ્રશ્નો બાબતે ધરણા કરીને રાજય સરકાર સામે



સવારે ૧૧ થી સાંજે ૫ દરમિયાન કરવામાં આવેલા આ ધરણામાં કર્મચારી અગ્રણીઓએ છઠ્ઠા પગારપંચની બાકી સહિત સાતમા પગારપંચનો લાભ આપવા માટે સરકારની ઉદાસીનતા માટે બાયો ચઢાવી હતી.

ગુજરાત રાજય કર્મચારી સંકલન સમીતિ અને બોર્ડ-નિગમ કર્મચારી મહામંડળના સંયુક્ત લાવવાની રાજય સરકાર સમક્ષ માંગ કરી હતી. જો માંગણી નહી સંતોષાય અને સાતમા પગારપંચનો લાભ આપવામાં વધુ પડતો વિલંબ કરવામાં આવશે તો આંદોલન ઉગ્ર બનાવવાની ચીમકી ઉચ્ચારી હતી.

રાજયમાં આવેલા બોર્ડ - નિગમના કર્મચારીઓના છઠ્ઠા પગાર પંચના પડતર પ્રશ્નોમાં નિવૃત્તિની વયમર્યાદા વધારવા, આઉટસોર્સીંગ વિરોધ દર્શાવ્યો હતો.

આ ધરણા કાર્યક્રમમાં કર્મચારી સંકલન સમીતિના અધ્યક્ષ વિષ્ણુભાઈ પટેલ, બોર્ડ-નિગમ કર્મચારી મહામંડળના પ્રમુખ પ્રવિણભાઈ સુતરીયા, મહામંત્રી લાખુભા પરમાર, ગિરીશ રાવલ, સી. કે. ગઢવી, દિલીપસિંહ જેઠવા સહિતના હોદ્દેદારો, અગ્રણીઓ અને કર્મચારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# દહેગામ ખાતે ગુજરાત ઠાકોર સમાજ કેળવણી ટ્રસ્ટ આયોજીત મહાકાળી વ્યસન મુકતિ રથનો કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર જિલ્લાના દહેગામ ખાતે ગુજરાત ઠાકોર સમાજ કેળવણી



ટ્રસ્ટ દ્વારા યોજાયેલ મહાકાળી વ્યસન મુકતિ રથનાં કાર્યક્રમમાં શ્રમ અને રોજગાર મંત્રી દિલીપકુમાર ઠાકોરે જણાવ્યું હતુ કે સમગ્ર સમાજ વ્યસન મુકત બને અને શિક્ષણનો વ્યાપ વધે તો જ તંદુરસ્ત સમાજ ઘડતરનું નિર્માણ થશે અને ઠાકોર સમાજનો સર્વાંગી વિકાસ થશે. તેમણે યુવાનોને વ્યસન મુકત બની શિક્ષણ અને ધંધા-રોજગાર ક્ષેત્રે રાજય સરકારની વિવિધ વિકાસ યોજનાઓનો લાભ લઈ પગભર બનવા અપીલ કરી હતી. ગત નવેમ્બર માસમાં પવિત્ર યાત્રાધામ પાવાગઢ ખાતેથી મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે મહાકાળી વ્યસન મુકતિ રથનું પ્રસ્થાન કરાવ્યું હતું. વ્યસન મુકિત પ્રત્યે ગ્રામીણ સમાજમાં જનજાગૃતિ ફેલાવવાના ઉમદા હેતુથી શરૂ કરેલ આ રથ યાત્રા પંચમહાલ, વડોદરા, આણંદ, ખેડા, અમદાવાદ અને ગાંધીનગર જિલ્લાના વિવિધ વિસ્તારોમાં ફરીને દહેગામ ખાતે આવી પહોંચતા રથનું સ્વાગત કરી વ્યસન મુકિતના વ્યાપક પ્રચાર-પ્રસારનું ઉમદા કાર્ય બદલ પ્રમુખ રોહિતજી ચંદુજી ઠાકોરને અભિનંદન પાઠવ્યા હતાં.

આ પ્રસંગે જળ સંપતિ રાજય



મંત્રી નાનુભાઈ વાલાણી, સુરેન્દ્રનગરનાં સાંસદ શંકરભાઈ વેગડ, સંસદીય સચિવ ભરતસિંહ ડાભીએ પ્રાંસગિક પ્રવચનોમાં જણાવ્યું હતુ કે વ્યસન મુકિત રથ દ્વારા અન્ય જિલ્લા અને ગ્રામીણ વિસ્તારોમાં ફરીને લોકોને વ્યસન મુકત થવાનો સંદેશ આપવાનું સુંદર કાર્ય ગુજરાત ઠાકોર સમાજ કેળવણી ટ્રસ્ટે કર્યું છે તે અભિનંદનને પાત્ર છે. કોઈપણ સમાજના સંર્વાગી વિકાસ માટે ઉચ્ચ શિક્ષણ જ એક માત્ર વિકલ્પ છે ત્યારે ઠાકોર સમાજની પ્રગતિ માટે ગ્રામીણ વિસ્તારોમાં શિક્ષણનો વ્યાપ વધશે તો સામાજીક બદીઓ અને કુરિવાજો આપોઆપ દૂર થઈ જશે.

આ પ્રસંગે મહાકાળી વ્યસન મુકિત રથનાં આયોજક અને ગુજરાત ઠાકોર સમાજ કેળવણી ટ્રસ્ટના પ્રમુખ રોહિતજી ચંદુજી ઠાકોરે પ્રાસંગિક પ્રવચન કર્યું હતું. આ પ્રસંગે સંતો-મહંતો, ભારતી બાપુ, દોલતરામ બાપુ, દહેગામ નગરપાલિકાના પ્રમુખ સરલાબેન અમીન, ભા.જ.પ. જિલ્લા પ્રમુખ નૈલેષભાઈ શાહ સહિત વિશાળ સંખ્યામાં ઠાકોર સમાજના ભાઈ-બહેનો, મહાકાળી વ્યસન મુકિત રથના કાર્યક્રમમાં જોડાયા હતાં.